જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૦/૨૦૧૪ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૯૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૬૩૮ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૯૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળજબરીથી કઢાવી લઇ પલાયન થઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૫૯૭/૧૪**

**જી.આઇ.ડી.સી.વટવા :** પ્રતિકભાઇ ભાનુભાઇ ગોંડલીયા (રહે.સરસ્વતી સોસાયટી, ઇન્ડીયા કોલોની રોડ, બાપુનગર) તા.૧૭/૧૦/૧૪ બપોરનાં ૩/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન જી.આઇ.ડી.સી.વટવા રોપડા બ્રીજ નીચેથી ઇટર્નો ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ ભેગામળી પ્રતિકભાઇ પાસેથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાની વીંટી કિંમત રૂપિયા ૭૦૦૦/-, બે મોબાઇલ કિંમત રૂપિયા ૮૦૦૦/- રોકડ રૂપિયા ૨૨,૦૦૦/- અને ઇટર્નો સ્કુટર સહિત તમામ ચીજ વસ્તુઓ  બળજબરીથી કઢાવી લઇ પલાયન થઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રતિકભાઇ ગોંડલીયાએ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૯૮/૧૪**

**સરદારનગર :** કૌશલ્યાબહેન રાકેશભાઇ વર્મા (રહે.સહયોગ પાર્ક, નંદીગ્રામ સોસાયટી, નોબલનગર) તા.૧૭/૧૦/૧૪ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે કુબેરનગર રેલવે ફાટક પાસે રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષ(૨૦ થી ૨૫ વર્ષના આશરાનાં) કૌશલ્યાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૌશલ્યાબહેન વર્માએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

**ઓઢવ :** મમતાબહેન પ્રતાપનારાયણ ચતુર્વેદી (રહે.સુષ્ટી લેવિસ, દેવસ્થ ઇન્ટરનેશનલ સ્કુલની બાજુમાં, હરીદર્શન ચોકડી પાસે, ઓઢવ) તા.૧૭/૧૦/૧૪ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘરનજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) મમતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મમતાબહેન ચતુર્વેદીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.નિમાવત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૫૯૯/૧૪**

**એલીસબ્રીજ :** પ્રિતેષભાઇ ભદ્રેશભાઇ પરીખ (રહે.સિધ્ધાચલ એપાર્ટમેન્ટ, રંગવર્ષા સોસાયટી, શારદામંદિર રોડ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૧૪ સવારનાં ૧૦/૧૫ થી બપોરનાં ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી બે અજાણી વ્યક્તિ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, બે નંગ ઘડીયાળ, હેંડીકેમ અને રોકડ રૂપિયા ૨,૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.આર.રબારી ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** ધર્મેન્દ્રભાઇ શંકરભાઇ પટેલ (રહે.શ્રીજી રેસીડેન્સી, મંગળ શાંતિ પાર્ટી પ્લોટની સામે, ચાંદલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૧૪ બપોરનાં ૩/૪૫ થી ૪/૦૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.